### સુરત શહેર નંબર-૧ સ્વચ્છતા પાછળનું કાળું સત્ય?

# સુરતનો કચરો ગ્રામ્યનાં ખેતરોમાં ડમ્પ થવાનો ગંભીર આક્ષેપ

**સ્વચ્છ** સર્વેક્ષણ એવોર્ડની વિશ્વસનીયતા પર સવાલ, કાંકરિયા કેસથી ખૂલ્યું ઓફ-સાઇટ ડમ્પિંગ નેટવર્ક

### 10-12 ગામોમાં સંગઠિત ડમ્પિંગની આશંકા

વિભાગીય માહિતી મુજબ, સમાન પ્રકારનું ઓફ-સાઇટ ડમ્પિંગ છેલ્લા અનેક વર્ષોથી સંગઠિત રીતે ચાલતું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. પરિણામે સુરત, નવસારી અને અંકલેશ્વર આસપાસના ઓછામાં ઓછા 10થી 12 ગ્રામ્ય વિસ્તારોમાં સાઇટ મેપિંગ , સેમ્પલિંગ તેમજ માટી, જમીન અને પાણીના વૈજ્ઞાનિક પરીક્ષણોની માંગ કરવામાં આવી છે.

### GPS-CCTV હોવા છતાં ગેરરીતિ, સિસ્ટેમીક ફેલિયરના સંકેત

ટેન્ડર શરતો મુજબ કચરા પરિવહનમાં જીપીએસ ટ્રેકિંગ, સીસીટીવી મોનિટરિંગ અને વેઈબ્રિજ એન્ટ્રી ફરજિયાત હોવા છતાં, મેદાની હકીકત અને રેકોર્ડ વચ્ચે સ્પષ્ટ વિસંગતિ જોવા મળે છે. આથી છેલ્લા ત્રણ વર્ષના જીપીએસ/RFID ટ્રાયલ, સીસીટીવી ફુટેજ, વેટબ્રિજ લોગ, જીએસટી અને ફાઇનાન્સિયલ રેકોર્ડ, ટ્રીપ રેકોર્ડનું સ્વતંત્ર ફોરેન્સિક ઓડિટ કરવાની તાત્કાલિક માંગ કરવામાં આવી છે.

સુરતઃ સુરત શહેરને છેલ્લા ત્રણ વર્ષથી સતત "નંબર-૧" સ્વચ્છ શહેર તરીકે મળતા સ્વચ્છ સર્વેક્ષણ એવોર્ડ પાછળ ગંભીર પર્યાવરણીય ગેરરીતિઓ છૂપાયેલી હોવાના ચોંકાવનારા આક્ષેપ સામે આવ્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને સુરત મહાનગરપાલિકાના ચીફ ઓડિટર સમક્ષ લેખિત રજૂઆત કરી, સુરત સહિત નવસારી અને અંકલેશ્વર તાલુકાના ગ્રામ્ય તથા કૃષિ વિસ્તારોમાં શહેરનો કચરો ગેરકાયદે રીતે ડમ્પ થતો હોવાનો મુદ્દો ઉઠાવ્યો છે.

રજૂઆત મુજબ સુરતના મહુવા તાલુકાના કાંકરિયા ગામે કૃષિ વિસ્તારમાં પર્યાવરણ અને માનવ આરોગ્યને નુકસાનકારક કચરો ડમ્પ કરવામાં આવ્યો હોવાનું મેદાની તપાસ અને દસ્તાવેજો પરથી બહાર આવ્યું છે. GJ-05-AV-9579 જેવા નોંધાયેલા વાહનો દ્વારા આ કચરો લવાયો હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ મામલે માત્ર "કચરો ઉઠાવવાની કાર્યવાહી" કરવામાં આવી રહી છે, પરંતુ મૂળ પ્રશ્નો અનઉત્તરિત છે. અન્ય કેટલા સ્થળોએ આવો કચરો ડમ્પ થયો? કેટલા વર્ષથી આ પ્રવૃત્તિ ચાલી રહી છે? શું સમગ્ર ડમ્પ કરાયેલ કચરાનું વૈજ્ઞાનિક રીતે ઉઠાંતર થશે? રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે જીપીસીબી દ્વારા ખજોદ ખાતે નોંધાયેલી આઉટ-એન્ટ્રી મુજબ આ કચરો સુરત મહાનગરપાલિકાની ટ્રાન્સપોર્ટ ચેન સાથે સીધો સંકળાયેલો છે. કચરો SMCના ડિસપોઝલ અથવા ટ્રાન્સફર પોઈન્ટ પરથી લિફ્ટ કરાયો હોવાનું રેકોર્ડ પરથી સ્પષ્ટ થાય છે.

# સુરત જિલ્લામાં ચાઈનીઝ દોરી અને તુક્કલ પર પ્રતિબંધ

**ભયજનક** સ્થળે પતંગ ઉડાવવા પર રોક લગાડવામાં આવી

સુરતઃ આવનારા મકરસંક્રાંતિ (ઉત્તરાયણ) તહેવારને ધ્યાનમાં રાખીને સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જાનમાલની સલામતી અને જાહેર શાંતિ જળવાઈ રહે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિજય રબારીએ જાહેરનામું બહાર પાડી અનેક મહત્વના પ્રતિબંધો ફરમાવ્યા છે.

જાહેરનામા અનુસાર, જાહેર માર્ગો, ફૂટપાથો તેમજ ભયજનક ધાબાઓ પર પતંગ ઉડાવવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ઉપરાંત, પતંગ ચગાવવા માટે વપરાતી નાયલોન, સેન્થેટિક સામગ્રી, સેન્થેટિક પદાર્થથી કોટેડ કે નોન-બાયોડિગ્રેડેબલ ચાઈનીઝ દોરી મેળવવા, સંગ્રહવા, વેચાણ કરવા કે તેનો ઉપયોગ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. લોખંડનો પાઉડર, કાચનો ભૂકો કે અન્ય કોઈપણ નુકસાનકારક પદાર્થ ચઢાવી બનાવેલી દોરી, તેમજ સેન્થેટિક મટીરીયલ કોટિંગ થ્રેડનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ કે ઉપયોગ કરવો પણ ગુનાહિત ગણાશે. ઓનલાઈન વેચાતા ચાઈનીઝ માંઝા, પ્લાસ્ટિક દોરી, ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ અને ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ)ના વેચાણ, આયાત અને ઉપયોગ પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

### મહુવામાં કિસાન સૂર્યોદય યોજનાનો વ્યાપ પૂર્ણ

# 34 ગામમાં દિવસ દરમ્યાન ખેતીવાડી વીજ પુરવઠો શરૂ

**બે** શિફ્ટની વ્યવસ્થાથી છૂટકારો, હવે દિવસે નિયમિત વીજળી

સુરતઃ રાજ્ય સરકારની ખેડૂતહિતલક્ષી અને ઊર્જા વ્યવસ્થામાં ક્રાંતિકારી સાબિત થયેલી "કિસાન સૂર્યોદય યોજના" અંતર્ગત સુરત જિલ્લાના મહુવા તાલુકામાં ખેતીવાડી વીજ પુરવઠાને લઈને મહત્વપૂર્ણ માઈલસ્ટોન પ્રાપ્ત થયો છે. તાલુકાના અગાઉ બાકી રહેલા ગામોમાં હવે દિવસ દરમ્યાન ખેતીવાડી વીજ પુરવઠો શરૂ થતા મહુવા તાલુકામાં કિસાન સૂર્યોદય યોજનાનો વ્યાપ સંપૂર્ણ રીતે પૂર્ણ થયો છે.

મહુવા તાલુકામાં ૬૬ કેવી બામણિયા તથા ૬૬ કેવી ભીમપોર સબસ્ટેશનમાંથી નીકળતા ખેતીવાડી ફીડરો પર અત્યાર સુધી બે શિફ્ટ મુજબ વીજ પુરવઠો આપવામાં આવતો હતો. જેના કારણે ખેડૂતોને રાત્રિ દરમ્યાન ખેતરમાં જવું પડતું હતું. જેટકો દ્વારા અંદાજે રૂા.૨૫ લાખના ખર્ચે લાઈન મજબૂતીકરણ અને જરૂરી તકનિકી કામગીરી પૂર્ણ કરવામાં આવતા, હવે ખેતીવાડી ફીડરોને દિવસ દરમ્યાન પુરવઠા માટે સક્ષમ બનાવવામાં આવ્યા છે. મહુવા વિધાનસભાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના હસ્તે કુલ ૧૧ ખેતીવાડી (એ.જી.) ફીડરોને દિવસ દરમ્યાન વીજ પુરવઠા માટે વિધિવત રીતે કાર્યરત કરવામાં આવ્યા હતા. આ રીતે મહુવા તાલુકાના બાકી રહેલા કુલ ૩૪ ગામમાં દિવસ દરમ્યાન ખેતીવાડી વીજ પુરવઠો શરૂ થતા કુલ મળીને ૩૫૦૦થી વધુ ખેડૂતોને સીધો લાભ મળશે.

આ સમગ્ર પ્રોજેક્ટ અંતર્ગત જેટકો દ્વારા કુલ રૂા.૮૦ લાખ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, જેનાથી તાલુકાની વીજ પુરવઠા વ્યવસ્થા વધુ મજબૂત બની છે.

### બામણિયા સબ સ્ટેશનથી ૧૮ ગામને લાભ

૬૬ કેવી બામણિયા સબ સ્ટેશનમાંથી ઝેરવાવરા, કાંકરીયા, ભગવાનપુરા, કઢૈયા, બારતાડ, પુના અને નેવાણિયા નામના કુલ ૭ એ.જી. ફીડરો મારફતે ૧૮ ગામના ૨૫૯૫ ખેતીવાડી ગ્રાહકોને હવે નિયમિત રીતે દિવસ દરમ્યાન વીજ પુરવઠો મળશે. તેમજ ૬૬ કેવી ભીમપોર સબસ્ટેશનમાંથી હટુકા, કુંભીયા, બહેજ અને ખાખર નામના ૪ એ.જી. ફીડરો દ્વારા ૧૬ ગામના આશરે ૬૦૦ ખેતીવાડી ગ્રાહકોને દિવસ દરમ્યાન વીજ પુરવઠો સુલભ બન્યો છે.

### સુરત શહેરમાં સ્માર્ટ મીટર નામે દાદાગીરી!

# ગ્રાહકની જાણ વિના મીટર બદલવાની ઇન્ટેલ કંપનીની મનમાનીના આક્ષેપ

**DGVCL**ના પ્રોટોકોલની ખુલ્લેઆમ અવગણના કરતી ઇન્ટેલ કંપની દ્વારા સંમતિ વગર મીટર બદલાઈ રહ્યા હોવાના ગંભીર આક્ષેપો, વિરોધ કરનારને પોલીસની ધમકી

### DGVCL ગ્રાહકોનો વિશ્વાસ ગુમાવી રહી હોવાની પણ વાત

ડીજીવીસીએલનું સ્ટેન્ડ સ્પષ્ટ છે કે સ્માર્ટ મીટર ગ્રાહકોને સંપૂર્ણ રીતે સમજાવીને, ગેરસમજ દૂર કરીને અને તેમની સંમતિથી જ લગાવવાના છે. તેમ છતાં મેદાન પર જે થઈ રહ્યું છે તે સંપૂર્ણપણે તેના વિરુદ્ધ છે. આ પરિસ્થિતિએ સ્માર્ટ મીટર યોજનાની વિશ્વસનીયતા પર સવાલ ઊભા કર્યા છે. શહેરના નાગરિકો દ્વારા માંગ ઉઠી રહી છે કે ડીજીવીસીએલ તાત્કાલિક આ મામલે કડક કાર્યવાહી કરે, ઇન્ટેલ કંપનીની મનમાની પર રોક લગાવે અને ગ્રાહકોના અધિકારોનું રક્ષણ સુનિશ્ચિત કરે. નહીં તો સ્માર્ટ મીટર જેવી મહત્ત્વપૂર્ણ યોજના જનતામાં શંકા અને અસંતોષનું કારણ બની રહેશે.

સુરતઃ સુરત શહેરમાં સ્માર્ટ મીટર બદલવાની પ્રક્રિયામાં ગંભીર અનિયમિતતા અને દાદાગીરીના આક્ષેપો સામે આવી રહ્યા છે. ડીજીવીસીએલ (દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ) માટે કામ કરતી ઇન્ટેલ કંપની દ્વારા ગ્રાહકોને કોઈપણ પૂર્વ જાણ કર્યા વગર સીધા મીટર ખોલી નવા સ્માર્ટ મીટર લગાવી દેવામાં આવી રહ્યા હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. આ સમગ્ર પ્રક્રિયા ડીજીવીસીએલ દ્વારા નક્કી કરાયેલા પ્રોટોકોલની સંપૂર્ણ અવગણના હોવાનું સામે આવ્યું છે. ડીજીવીસીએલના અધિકારીઓના જણાવ્યા મુજબ, સ્માર્ટ મીટર બદલતા પહેલાં ગ્રાહકને સ્પષ્ટ રીતે જાણ કરવી ફરજિયાત છે. જો ગ્રાહક સ્થળ પર હાજર ન હોય તો મોબાઈલ ફોન મારફતે જાણ કરવાની હોય છે. મીટર બદલતી વખતે જૂના મીટરનું રીડિંગ ગ્રાહકને બતાવવું, નવા મીટરનું પ્રારંભિક રીડિંગ સમજાવવું અને ત્યારબાદ ગ્રાહકની સંમતિ મેળવી ફોર્મમાં સહી લીધા બાદ જ મીટર બદલવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની હોય છે. ઉપરાંત, સમગ્ર પ્રક્રિયાની પરફોમા કોપી ગ્રાહકને આપવી પણ ફરજિયાત છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ઇન્ટેલ કંપનીના કર્મચારીઓ દ્વારા આ તમામ નિયમોને તોડી નાખવામાં આવી રહ્યા છે. શહેરના અનેક વિસ્તારોમાં ગ્રાહક હાજર ન હોવા છતાં મીટર ખોલી નવા સ્માર્ટ મીટર લગાવી દેવામાં આવે છે. બાદમાં માત્ર એક ફોર્મ ગ્રાહકને હાથમાં આપી કર્મચારીઓ સ્થળ છોડીને જતા રહે છે.

ગ્રાહકને ન તો જૂના મીટરનું રીડિંગ બતાવવામાં આવે છે, ન તો નવા મીટરની સંપૂર્ણ માહિતી આપવામાં આવે છે. આથી પણ વધુ ચોંકાવનારી વાત એ છે કે જ્યારે કોઈ ગ્રાહક આ પ્રક્રિયાનો વિરોધ કરે છે અથવા પ્રશ્ન પૂછે છે, ત્યારે ઇન્ટેલ કંપનીના કર્મચારીઓ પોલીસ બોલાવવાની અને "સરકારી કામમાં અડચણ" ઉભી કરવાનો આરોપ લગાવવાની ધમકી આપે છે. આ પ્રકારનું વર્તન જાહેર સેવા સાથે જોડાયેલી સંસ્થાને શોભે તેવું નથી અને સામાન્ય નાગરિકોમાં ભારે રોષ ફેલાઈ રહ્યો છે.

# 8 વર્ષની બાળા સાથે અડપલાં કરનારા દુષ્કર્મીને 7 વર્ષની કેદ

**વેસુની** 2024ની ઘટના, દંપતી કામે ગયું અને દીકરી ઘરની નીચે રમવા ગઈ ત્યારે આરોપીએ પોત પ્રકાશ્યું હતું

**દીકરીની** માતા, પડોશીઓએ ઢોર માર મારતા આરોપીને હોસ્પિટલ લઈ જવો પડ્યો હતો

### ઘર ખાલી કરાવવા બનાવ ઉપજાવી કાઢ્યો હોવાની બચાવ પક્ષની દલીલ

બચાવપક્ષ દ્વારા દલીલ કરાઈ હતી કે નોન મરાઠી આરોપીને ઘર ખાલી કરાવવા માટે આ બનાવ ઉપજાવી કાઢવામાં આવ્યો હતો. આરોપીને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે.

### આવો બનાવ ન બન્યો હોય તો આરોપીને લોકોએ મારવાની શું જરૂર પડી?: કોર્ટ

બચાવપક્ષની દલીલો સંદર્ભે કોર્ટે અવલોકનમાં જણાવ્યું હતું કે ખુદ બચાવપક્ષ રેકર્ડ પર લાવેલા છે કે આરોપીને ફરીયાદીએ પણ માર માર્યો હતો અને ત્યારબાદ બધાએ ભેગા થઇને માર માર્યો હતો, જેથી આરોપીને હોસ્પિટલ લઇ જવો પડ્યો હતો. હવે જો આવો કોઇ અડપલાં કર્યાનો બનાવ બનેલ જ ન હતો, તો પછી આરોપીને લોકોએ કે ફરીયાદીએ શું કામ માર મારવાની જરૂર પડી? તેનો કોઇ ખુલાસો બચાવપક્ષ કરતો નથી. જેથી આ તમામ દલીલો ધ્યાને લેતા સાહેદોના પુરાવાથી આ કામના આરોપીએ ભોગ બનનારને વાસનામાં આવીને, છાતી અને પ્રાઇવેટ ભાગ ઉપર અડપલા કરીને ભોગ બનનારની જાતીય સતામણી અને જાતીય હુમલો કર્યો હોવાની હકિકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શક્યું છે.

સુરતઃ દુષ્કર્મ કરવાનાં ઈરાદે આઠ વર્ષની માસુમ બાળકીને ઉંચકીને પહેલાં માળે લઈ જઈ શારીરિક અડપલાં કરનારા યુપીનાં વતની આરોપી શૈલાબ ઝાકરી યાદવને પોકસો કોર્ટે સાત વર્ષની સજા ફટકારી છે.

વેસુ પોલીસ સ્ટેશને ૨૨-૧૨-૨૪એ નોંધાયેલી ફરિયાદ મુજબ વેસુ વિસ્તારમાં રહેતાં ફરિયાદી અને પતિ કામ અર્થે બહાર ગયાં હતાં. તે વેળા તેમની દીકરી અને દીકરો ઘરે એકલાં હતાં. આઠ વર્ષની દીકરી નીચે રમવા ગઈ તે દરમિયાન માતા પરત આવી ત્યારે પડોશી મહિલાએ આવીને ફરિયાદીને જણાવ્યું હતું કે તમારી દીકરીને શૈલાબ ઝાકરી યાદવ ઉપર લઈ જતાં દેખાયો હતો. જેથી માતાએ દીકરીનાં નામની બૂમ પાડતાં દીકરી નીચે આવી ગઈ હતી.

માતાએ પૂછપરછ કરતાં દીકરીએ જણાવ્યું હતું કે અંકલ શૈલાબ મને ઉંચકીને ઉપર લઈ ગયાં હતાં અને મારા શરીરે હાથ ફેરવી ગંદી હરકતો કરતાં હતા. જેથી માતાએ વેસુ પોલીસ સ્ટેશને શૈલાબ ઝાકરી યાદવ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પોકસો એકટ સહિતની કલમો અન્વયે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી, કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સ્પેશિયલ પોકસો કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ ડી વી દવેએ દલીલો કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપી શૈલાબ ઝાકરી યાદવને તકસીરવાર ઠરાવી સાત વર્ષની સખ્ત કેદની સજા અને દંડ ફટકાર્યો છે.

## ફ્રેઈટ કોરિડોરના અંબાલા સેક્શનમાં ઈલાસ્ટિક રેલ ક્લિપ્સની ચોરી કરતી ગેંગના ચાર પકડાયા



અંબાલાઃ ટ્રેક સુરક્ષામાં સતર્કતા અને આધુનિક ટેકનોલોજીના અસરકારક ઉપયોગનું એક નોંધપાત્ર ઉદાહરણ સામે આવ્યું છે. ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરની સુરક્ષા ટીમે કોરિડોરના અંબાલા સેકશનમાં રેલવે ટ્રેકની મજબૂતી અને સુરક્ષિત રેલ સંચાલન માટે જરૂરી ઈલાસ્ટિક રેલ ક્લિપ્સની ચોરીમાં સંકળાયેલી એક સંગઠિત ગેંગનો પર્દાફાશ કર્યો છે.

આ ઝડપી કાર્યવાહીથી માત્ર ચાર આરોપીઓની ધરપકડ શક્ય બની નથી, પરંતુ સંભવિત મોટા રેલ અકસ્માતને પણ સમયસર ટાળી શકાયો છે. આ સમગ્ર અભિયાનનું નેતૃત્વ ઈડીએફસીના સિક્યુરિટીના જીજીએમ આશિષ મિશ્રા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમની ટીમે માત્ર 24 કલાકની અંદર સમગ્ર કેસનો સફળ ઉકેલ લાવી, ઉત્તમ સંકલન, સતર્કતા અને નિર્ણાયક ક્ષમતાનું ઉદાહરણ રજૂ કર્યું.

# સુમુલના HCના ચુકાદા પહેલા ડી લિમિટેશનનો મુદ્દો ઊઠ્યો

**સરકારે** કસ્ટોડિયન બેસાડ્યા હોય ત્યારે સુમુલની ચૂંટણી કરાવવાની સત્તા કલેક્ટરની કે કસ્ટોડિયનની?

**ટેક્નિકલ** મુદ્દા ઉપસ્થિત થતા હાઇકોર્ટ 9 જાન્યુઆરીએ હવે ચુકાદો આપે એવી શક્યતા

### ખેડા, મહેસાણા અને વલસાડની ડેરીઓની ચૂંટણી થઇ ગઈ, ચેરમેનની નિયુક્તિ બાકી છે

સાબરકાંઠા, બનાસકાંઠા, અમદાવાદ, પંચમહાલ, ભરૂચ, ગાંધીનગર, સુરેન્દ્રનગર અમરેલી, કચ્છ, જુનાગઢ જિલ્લાની ડેરીની ચૂંટણી યોજાઈ ગઈ છે. રાજ્યમાં એક માત્ર સુરત અને તાપી જિલ્લાની સુમુલ ડેરીમાં કસ્ટોડિયનની નિમણૂંક કરવામાં આવી છે. માત્ર બે ડેરીઓ રાજકોટ અને ભાવનગર જિલ્લાની ડેરીની ચૂંટણી બાકી છે. વડોદરા ડેરીની ચૂંટણી આગામી વર્ષે મુદત વીત્યે યોજાશે.

સુરત : સુમુલ ડેરીની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી સમયસર કરાવવા અને કસ્ટોડિયનની નિમણૂંકને પડકારતી પીટીશન પર ગુજરાત હાઈકોર્ટમાં તમામ પક્ષકારોને દલીલો પૂરી થઈ હતી. આજે 5 જાન્યુઆરીએ ગુજરાત હાઈકોર્ટ ચુકાદો આપે એ પહેલા પિટિશન કરનાર, સુમુલ ડેરી અને રાજ્ય સરકાર પક્ષના વકીલોએ કરેલી અંતિમ તબક્કાની રજૂઆત દરમિયાન સુમુલ અને સરકાર પક્ષના વકીલે ટેક્નિકલ મુદ્દા પ્રસ્તુત કરતા હાઈકોર્ટે વધુ સુનાવણી 9 જાન્યુઆરી 2026 ના રોજ નક્કી કરી છે. કોર્ટ એ દિવસે ચુકાદો આપે એવી શક્યતા છે.

આજે ગુજરાત હાઈકોર્ટ ચુકાદો આપે એ પહેલા 58 દૂધ મંડળીઓ વતી તેઓના એડવોકેટે ચૂંટણી ટાળવા માટેનું કોઈ કારણ નથી. તેઓએ ડેરીની ચૂંટણી કરાવવા કલેક્ટરને આદેશ આપવા માંગ કરી હતી.બીજી તરફ સુમુલ ડેરીના વકીલે રજૂઆત કરી હતી કે, સરકારી વકીલે ડી લિમિટેશનનો મુદ્દો ઉઠાવ્યો હતો. સરકારે ડેરીમાં કસ્ટોડિયન બેસાડ્યા હોય ત્યારે સુમુલની ચૂંટણી કરાવવાની સત્તા કલેક્ટરની કે કસ્ટોડિયનની? એ સ્પષ્ટ થવું જોઈએ. તો ત્રીજી તરફ સુમુલ ડેરીની ચૂંટણીનો હાઈકોર્ટ ચુકાદો આપે એ પહેલા સરકારી વકીલે ડી લિમિટેશનનો મુદ્દો ઉઠાવ્યો હતો.

અરજદાર પૈકી એક અરજદારની પીટીશન સુરત જિલ્લામાંથી તાપી જિલ્લો જુદો પડ્યો હોવાથી બેઠકો વધારવા ડી લિમિટેશન કરવામાં આવે જેથી દરેક તાલુકાની દૂધ મંડળીઓને પોતાનો પ્રતિનિધિ ચૂટવાનો સમાન અધિકાર મળે. આ પીટીશનનો સ્પષ્ટ ચુકાદો આવે પછી જ ચૂંટણી યોજવાની પ્રક્રિયા શરૂ થવી જોઈએ. આ પ્રકારના ટેક્નિકલ મુદ્દાઓ ઉપસ્થિત થતા હાઈકોર્ટે 9 જાન્યુઆરીએ હવે ચુકાદો આપે એવી શક્યતા છે.

રાજ્યની બીજી ડેરીઓમાં ચૂંટણી થતી હોય તો સુમુલની કેમ નહીં? કસ્ટોડિયનની નિમણૂક અને ચૂંટણી સમયસર કરાવવા 58 મંડળીઓ હાઈકોર્ટ ગઈ હતી. સુમુલ ડેરીની ચૂંટણી અટકાવી રાખવા બાબતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને સુમુલ ડેરીની 998 મંડળીઓમાંથી 704 મંડળીઓએ ચૂંટણી કરાવવા ફરિયાદ કરી છે. જોકે ચૂંટણીનો મામલો ગુજરાત હાઈકોર્ટમાં સબજ્યુડિશ હોવાથી કલેક્ટર અને સ્ટેટ રજીસ્ટ્રારે વિશેષ કંઇ કરવાનું રહેતું નથી. બંને અધિકારીઓ રાજ્યની વડી અદાલતમાં મામલો વિચારાધીન હોવાનું જણાવી દેવાયું હતું.

સુરત અને તાપી જિલ્લાના પશુપાલકોએ હાઈકોર્ટમાં દાદ માંગી છે કે, રાજ્યની ડેરીઓની ચૂંટણી થતી હોય તો સુમુલની કેમ નહીં? સરકારે ખેડૂતો અને પશુપાલકોની ચૂંટાયેલી બોડીને મહત્વ આપવું જોઈએ. જેવું બીજા જિલ્લાને આપ્યું છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### પાણીના 3%...

વિસ્તારોમાંથી લેવાયા તેમાં 3 ટકા એટલે કે 4659 નમુના ફેઈલ ગયા. ફેઈલ ગયેલા નમુનાઓ પૈકી 51 ટકા એટલે કે 2374 નમુના એવા હતા જેમાં પીવાના પાણીમાં ગટરનું ગંદુ પાણી ભળી જતા પાણી દુષિત થયું હતું. આ દૂષિત પાણી ગંભીર બીમારીઓ જેવી કે ટાઈફોઈડ, કોલેરા અને કમળાને આમંત્રણ આપી શકે છે. એટલે કે ગંભીર સ્થિતિ સર્જી શકે છે. અન્ય ફેઈલ થયેલા નમુનામાં ઓછું કલોરિનેશન અને અન્ય વાંધાઓ હોવાનું બહાર આવ્યું હતું. મનપા દ્વારા દર મહિને સરેરાશ 10500 નમુના લેવાય છે. જે પૈકી ફેઈલ જવાનું પ્રમાણ સરેરાશ 225 જેટલા હોય છે. ખાસ કરીને કતારગામ, ઉધના, લિંબાયત અને સેન્ટ્રલ ઝોનમાં આ પ્રમાણ વધુ જોવા મળ્યું છે.

### પાણીજન્ય રોગચાળો...

ફરિયાદ હોય ત્યાં પાણીના સેમ્પલનું પ્રમાણ વધારવા, વારંવાર સેમ્પલ લઇ તાત્કાલિક રિપોર્ટ મેળવવા અને ખામીઓ સુધી પહોંચી કાયમી ઉકેલ લાવવાની સૂચના આપવામાં આવી. જે વિસ્તારોમાં ક્લોરીનેશનનું પ્રમાણ ઓછું હોવાનું જણાય ત્યાં તાત્કાલિક સુધારણા કરી નિયમિત ચેકિંગ કરવાની પણ તાકિદ કરાઈ.

આરોગ્ય વિભાગને પણ એલર્ટ પર રાખવામાં આવ્યો છે. પાણીજન્ય રોગચાળાના લક્ષણો દેખાતા વિસ્તારોમાં ઘરેઘરે સરવે વધારવા, શંકાસ્પદ કેસની વહેલી ઓળખ કરવા અને ખાસ કરીને ખાણી-પીણીની લારીઓ, સ્ટ્રીટ ફૂડ તેમજ પીવાના પાણીની લારીઓ પર ફૂડ અને પાણીના સેમ્પલ લેવાની ઝુંબેશ વધુ સઘન બનાવવાની સૂચના આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે બેઠકમાં સુરત મહાનગરપાલિકાની સ્થિતિ અંગે માહિતી આપવામાં આવી હતી, જેમાં ક્લોરીનેશનને લગતી ફરિયાદોનું પ્રમાણ શૂન્ય (જીરો) હોવાનું બહાર આવ્યું હતું. તેમ છતાં, સરકાર દ્વારા સુરત સહિત તમામ મહાનગરપાલિકાઓને આગોતરા તકેદારી રાખી કોઇપણ સંજોગોમાં દૂષિત પાણીથી રોગચાળો ફાટી ન નીકળે તે માટે સતત મોનિટરિંગ અને કડક અમલ કરવા સૂચવાયું છે.

### ભરૂચમાં 'ધરોહર'...

હતી. તેમજ કેટલાંક સમૂહો દ્વારા તેને જૈન મંદિરના અવશેષો પર બાંધેલું હોવાના દાવા કરવામાં આવ્યા હતા. 'ઐતિહાસિક જૈન મંદિર શ્રી ચક્રધર સ્વામી જન્મસ્થલી રાષ્ટ્રીય ધરોહર સંરક્ષણ સમિતિ'ના બેનર હેઠળ તા.5 જાન્યુઆરીથી શક્તિનાથ મહાદેવ ગ્રાઉન્ડ ખાતે અનિશ્ચિતકાળીન ઉપવાસનું આયોજન કરવામાં આવ્યું છે. સંતોએ જણાવ્યું કે, આ આંદોલન શાંતિપૂર્ણ રહેશે અને જ્યાં સુધી તેમની માંગો પર કાર્યવાહી નહીં થાય ત્યાં સુધી ચાલુ રહેશે. તેઓએ તમામ હિંદુ સમુદાયને જોડાવા આમંત્રણ આપ્યું છે. આ વિવાદમાં તમામ પક્ષોને શાંતિ જાળવવા અને કાનૂની માર્ગ અપનાવવા અપીલ કરવામાં આવી રહી છે. પુરાતત્ત્વ વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા આ મુદ્દે તપાસ અને વાતચીત દ્વારા ઉકેલ લાવવાની અપેક્ષા છે, જેથી ભરૂચની વૈવિધ્યસભર ધાર્મિક ધરોહર સુરક્ષિત રહે.

### મૃત માની...

સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. તેઓ મુંબઈમાં રિલાયન્સ જેવી પ્રતિષ્ઠિત કંપનીમાં તેમજ દુબઈમાં પણ નોકરી કરી ચૂક્યા હતા. જોકે, માનસિક બીમારીને કારણે ૫ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ સવારે દૂધ લેવા જવાનું કહીને નીકળેલો આ યુવાન ઘેર પરત આવ્યો ન હતો. ઘટનાના એક વર્ષ પછી, ૨૪ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ પુત્રના વિરહમાં અમોલના માતાને હૃદયરોગનો હુમલો આવ્યો અને તેઓ પુત્રને યાદ કરતાં કરતાં દેવલોક પામ્યા હતા. આશરે સાડા સાત વર્ષના લાંબા સમય પછી પોલીસે તપાસ બંધ કરી, અમોલને મૃત માની સિવીલ ડેથ ડિક્લેર થાય તે માટે કોર્ટનો આદેશ મળે તેની કાયદેસરની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી ગઈ હતી. તો બીજી તરફ કોલકાત્તાની સામાજિક સંસ્થાને તે મળી આવ્યો હતો. આ યુવક ગુજરાતી હોવાથી સંસ્થાના તપન પ્રધાને ગુજરાત રેલવેઝ એન્ડ સીઆઇડી ક્રાઇમના ઉપક્રમની મહિલા અને બાળમિત્રના કો-ઓર્ડિનેટર પિયુષ શાહનો સંપર્ક કર્યો હતો અને પિયુષ શાહે તેમના વડોદરાના ટીમ મેમ્બર ઉમેશ બેલસરેનો સંપર્ક કર્યો હતો અને યુવાન જે સ્થળ બતાવી રહ્યો હતો ત્યાંથી જ તેના પરિવારને શોધવાનો રસ્તો મળી ગયો હતો.

### દારૂબંધી કાગળ...

એક દાયકામાં કુલ 1,61,490 પીધેલા વ્યક્તિઓ પકડાયા છે, જે દારૂબંધીના અમલ પર ગંભીર પ્રશ્નચિહ્ન ઊભું કરે છે. વર્ષ 2016થી 2025 દરમિયાન નવી સિવિલ હોસ્પિટલમાં 68,386 જ્યારે સ્મીમેર હોસ્પિટલમાં 93,104 પીધેલા વ્યક્તિઓ નોંધાયા છે. એટલે કે દર વર્ષે સરેરાશ 16 હજારથી વધુ લોકો પીધેલી હાલતમાં પકડાય છે. આ માત્ર આંકડા નથી, પરંતુ રાજ્યની દારૂબંધી નીતિના સંપૂર્ણ નિષ્ફળતાના જીવતા પુરાવા છે.

ખાસ નોંધનીય બાબત એ છે કે આજથી ચાર-પાંચ વર્ષ પહેલા ગુજરાત સરકારે દારૂબંધી કાયદાને વધુ કડક બનાવ્યો હતો. સજા વધારવામાં આવી, દંડ કડક કરાયો અને 'ઝીરો ટોલરન્સ'ના દાવા કરવામાં આવ્યા. છતાંયે 2021 બાદ પીધેલાના કેસોમાં અચાનક ઉછાળો આવ્યો છે. માત્ર ચાર વર્ષમાં કેસોની સંખ્યા લગભગ બમણીથી પણ વધુ થઈ ગઈ છે. જો કાયદો ખરેખર અસરકારક હોત, તો આ આંકડા ઘટવા જોઈએ હતા, વધવા નહીં. 10 વર્ષમાં 1.61 લાખ પીધેલા પકડાયા છતાં જો સરકાર હજુ પણ દારૂબંધીને 'સફળ' ગણાવે છે, તો એ જનતાને આંખમાં ધૂળ નાખવા બરાબર છે. હવે પ્રશ્ન એ નથી કે દારૂબંધી છે કે નહીં, પ્રશ્ન એ છે કે દારૂબંધી અમલમાં છે પણ ખરી?

### પોલીસ-તંત્રની કાર્યવાહી માત્ર દેખાવ પૂરતી?

દારૂબંધીના કાયદા જેટલા કડક બતાવવામાં આવે છે, તેટલી જ સરળતાથી સુરતમાં દારૂ ઉપલબ્ધ હોવાની વાત આ આંકડા સાબિત કરે છે. શહેરમાં દારૂ વેચાય નહીં તો પીધેલા ક્યાંથી આવશે? પીધેલા પકડાય નહીં તો હોસ્પિટલમાં નોંધ કેવી રીતે થશે? આ સવાલોનો જવાબ આપવાની હિંમત તંત્રમાં છે કે નહીં? દરેક ઉત્તરાયણ, નવરાત્રિ, દિવાળી કે નવા વર્ષની આસપાસ ડ્રાઈવ શરૂ થાય છે, ચેકિંગ વધે છે અને થોડાક દિવસોમાં બધું થંભી જાય છે. પરિણામે દારૂ વેચાણનું નેટવર્ક ફરી ધમધમે છે અને પીધેલા લોકો રસ્તા પર ફરી રહ્યા છે. આ સ્થિતિમાં દારૂબંધી કાયદો માત્ર દેખાડાનો દાંત બની રહ્યો છે.

### રેન્જ-1 માં...

દારૂ પુરવઠો ક્યારેય બંધ થયો જ નથી. પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજી શું કરે છે? એવો સવાલ હવે લોકો ખુલ્લેઆમ પૂછવા લાગ્યા છે.

### લોકડાઉનમાં પણ...

કરે છે કે દારૂબંધી કાયદો દારૂ માફિયાઓ માટે અવરોધક નથી, પરંતુ સામાન્ય નાગરિક માટે માત્ર ડરનો કાયદો છે.

### સ્ટેડિયમમાં તમામ...

કરવા ખાતરી આપી હતી. અમારી રજૂઆતને પગલે આઈસીસી ચેરમેન જય શાહે જાહેરાત કરી હતી કે, હું સુરતની શક્યતાઓ ચકાસવા BCCI ની ટીમ સ્ટેડિયમનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર જોવા મોકલીશ, BCCI ની ટીમ ઈન્સ્પેક્શન કરી જે સુધારા વધારા સૂચવે એ કરજો, ઈન્સ્પેક્શન માટે આવેલી ટીમ જે સૂચન કરે એ સુવિધાઓની પૂર્તતા કરશો તો સુરતને ચોક્કસ ઈન્ટરનેશનલ મેચ મળશે.

ધી સુરત ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસિએશન લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડીયમ ખાતે તા.૦૪-૦૧-૨૦૨૬ને રવિવારના રોજ ICC ચેરમેન જય શાહે મુલાકાત લીધી હતી. જય શાહે જણાવ્યું હતું કે, આવનાર દિવસોમાં આંતરરાષ્ટ્રીય મેચો લાવવા માટે ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ માટે જરૂરી ખર્ચમાં સહયોગ કરીશુ અને ઈન્ટરનેશનલ મેચ માટેના નિયમોથી માહિતગાર કરીશું. સંસ્થાના હાલના ડેવલપમેન્ટના કામોની રૂબરૂ મુલાકાત લઈ જણાવ્યું હતું કે, ખૂબ જ સરસ ડેવલપમેન્ટ છે. થોડી સુવિધાઓ વધારવાની જરૂર છે.

### ગળાના ભાગે...

જીતેનના પરિવારજનોએ હત્યાની શંકા વ્યક્ત કરતા પોલીસે સ્મીમેર હોસ્પિટલમાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. જેમાં પ્રાથમિક રિપોર્ટમાં ગળા પર બે ઘા વાગ્યા હતા અને વધારે લોહી નીકળી જવાથી તેનું મોત થયું હોવાનું જાણવા મળ્યું હતું. જો કે આત્મહત્યા કરી હોવાની શક્યતા ડોક્ટરે વ્યક્ત કરી હતી અને જીતેનના મૃતદેહના જરૂરી સેમ્પલ લીધા હતા.

# પાવરગ્રીડ લાઈનનું કામ અટકાવવા 8 તાલુકાના ખેડૂતોનો મોરચો

**'જો** ખેડૂત સે ટકરાયેગા, મિટ્ટી મેં મિલ જાયેગા'ના સૂત્રોચ્ચાર સાથે કલેક્ટર કચેરીએ ભારે વિરોધ પ્રદર્શન, પોલ દીઠ 2 કરોડના વળતરની માંગ

**ગુજરાત** સંઘર્ષ સમિતિ હેઠળ 23 જેટલાં સંગઠન સાથે મળીને કચ્છથી નવસારી સુધીના તમામ નેશનલ હાઇવે ચક્કાજામ કરવાની ચીમકી

સુરતઃ કચ્છ જિલ્લાના ખાવડાથી નવસારી ગ્રીડ સુધીની બે મોટી કોર્પોરેટ કંપનીઓના લાભાર્થે પાવર ગ્રીડ ટ્રાન્સમિશન લાઇન નાખવામાં વિરોધમાં અસરગ્રસ્ત ખેડૂતોએ આજે ખેડૂત સંઘર્ષ સમિતિ ગુજરાત અને ખેડૂત સમાજ ગુજરાતના નેજા હેઠળ 20 જિલ્લાઓમાં આજે જિલ્લા કલેક્ટરને આવેદન પત્રો આપી દેખાવો યોજ્યા હતા.

સુરત જિલ્લામાં પાવરગ્રીડ લાઈનનું કામ અટકાવવા 8 તાલુકાના ખેડૂતોના કલેક્ટર કચેરીએ મોરચો લઈ આવ્યા હતા. 'જો ખેડૂત સે ટકરાયેગા, મિટ્ટી મેં મિલ જાયેગા'ના સૂત્રોચ્ચાર સાથે ભારે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ જયેશ પાલ અને દક્ષિણ ગુજરાતના પ્રમુખ રમેશ પટેલ (ઓરમા)એ કલેક્ટરને રજૂઆત કરી પોલ દીઠ 2 કરોડના વળતરની માંગ કરી હતી.

કલેક્ટર કચેરી ખાતે સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ખેડૂત સમાજ દ્વારા પાવરગ્રીડ લાઇનના કામને અટકાવવા અને વ્યાજબી વળતરની માંગ સાથે કલેક્ટરને લેખિત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. ઓલપાડ, કામરેજ, ચોર્યાસી, માંગરોળ, બારડોલી, પલસાણા, મહુવા અને માંડવીના ખેડૂતો મોટી સંખ્યામાં જોડાયા હતા. ખેડૂતોનો આક્ષેપ છે કે સરકાર અને તંત્ર દ્વારા ખેડૂતોની કિંમતી જમીન પરથી 765 KVની મહાકાય હાઈ વોલ્ટેજ લાઈન પસાર કરવામાં આવી રહી છે પરંતુ, તેના બદલામાં ખેડૂતોને યોગ્ય વળતર આપવામાં આવતું નથી.

ખેડૂત આગેવાન રમેશભાઈ પટેલ (ઓરમા) એ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતના 14 જિલ્લાઓમાંથી આ લાઈન પસાર થઈ રહી છે અને આ લડત છેલ્લા બે વર્ષથી ચાલી રહી છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે કલેક્ટરે DLCC (જિલ્લા સ્તરીય વળતર સમિતિ) દ્વારા ખેડૂતોની પરામર્શ વગર જ અત્યંત નજીવી કિંમત નક્કી કરી દીધી છે. ખેડૂતોની સ્પષ્ટ માંગ છે કે, આ અન્યાયી DLCC હુકમ તાત્કાલિક રદ કરવામાં આવે અને સરકાર ખેડૂતોની જમીનના જંત્રીના ચાર ગણા ભાવે વળતર ચૂકવે. ખેડૂતોની માંગ છે કે જો સરકારને તેમની જમીન જોઈતી હોય તો નવા જમીન સંપાદન કાયદા મુજબ જંત્રીના ચાર ગણા ભાવે વળતર ચૂકવવું જોઈએ. અન્યથા, ખેડૂતોની જમીનનો ઉપયોગ કરવા બદલ તેમને નિયમિત ભાડું આપવામાં આવે અથવા તો દરેક વીજ પોલ દીઠ ખેડૂતને 2 કરોડ રૂપિયાનું વળતર ચૂકવવામાં આવે. આ માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો ખેતરોમાં વીજલાઇન નાખવા નહીં દેવાશે.

ખેડૂત સમાજે સરકારને આખરી ઓલ્ટિમેટમ આપતા જણાવ્યું હતું કે, જો ટૂંક સમયમાં તેમની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે. આગામી દિવસોમાં ગુજરાત સંઘર્ષ સમિતિ હેઠળ 23 જેટલા સંગઠન સાથે મળીને કચ્છથી નવસારી સુધીના તમામ નેશનલ હાઇવે ચક્કાજામ કરવાની ચીમકી આપવામાં આવી છે.